સાથી હાથ બઢાના...

ગુજરાતીઓ સાથે ગુણવત્તાસભર મનોરંજન પીરસવાનો વ્યૂહ

હિન્દી ફિલ્મોદ્યોગના વિકાસમાં ગુજરાતીઓનો ફાળો કંઈ નાનોસૂનો નથી. છેક ૧૯૨૫માં માણેકલાલ પટેલ, ભોગીલાલ દવે અને નાનુભાઈ દેસાઈથી માંડીને ચંદુલાલ શાહ અને ભટ્ટબંધુઓના પ્રદાનથી આજ સુધીના ઈતિહાસ પર નજર નાખીશું તો ગુજરાતીઓ હિંદી ફિલ્મોદ્યોગ માટે કેટલું કર્યું છે, એ કહેવાની જરૂર નહીં રહે. આજે પણ ગુજરાતીઓએ હિન્દી ફિલ્મોના ધબકાર બની રહ્યા છે, એવું કહીશું તો એમાં નવાઈ નથી. આમાં 'જબ વી મેટ,' 'ગોલમાલ', 'ભાગંભાગ' અને 'મૈંને પ્યાર ક્યોં કિયા' જેવી ફિલ્મ આપનારા શ્રી અષ્ટવિનાયક સિનેવિઝનના યુવાન ગુજરાતી મૅનેજિંગ ડિરેક્ટર ધિલિન મહેતાનું પ્રદાન પણ નજરઅંદાજ કરી શકાય એમ નથી.

દર્શકોને ગુણવત્તાપ્રધાન મનોરંજન પીરસવાનો ઈરાદો ધરાવનારા ધિલિન મહેતાએ આ કાર્ય માટે મોટા કલાકારોની સાથોસાથ ફિલ્મોમાં વિવિધ ક્ષેત્રમાં નામના રળનારા ગુજરાતીઓનો સાથ લીધો છે, જેમાં લોકસાહિત્યકાર મનુભાઈ ગઢવીના પુત્ર સંજય ગઢવી, અભિનેતા પરેશ રાવલ, દિગ્દર્શક નિરજ વોરા ઉપરાંત સોહન શાહનો સાથ લીધો છે. અત્યારે તેમની ફિલ્મો રિલિઝ માટે કતારમાં છે.

સૌ પહેલા તો તેઓ પરેશ રાવલના ગુજરાતી નાટક 'મહારથી' પરથી બનેલી શિવમ્ નાયરની રહસ્યમય ફિલ્મ 'મહારથી' રિલિઝ કરશે, જેમાં પરેશ રાવલ સાથે નસીરુદ્દીન શાહ, ઓમ પુરી, બમન ઈરાની, તારા, શર્મા, નેહા ધુપિયા છે. આ પછી તેઓ સંજય ગઢવીની ઍક્શન-રોમાંચક ફિલ્મ 'કિડનેપ' રિલિઝ કરશે, જેમાં સંજય દત્ત, મનીષા લામ્બા, રાહુલ દેવ, ઈમરાન ખાન છે. આ પછી દિવાળીમાં રોહિત શેટ્ટીની 'ગોલમાલ રિટર્ન' (અજય દેવગન, અર્શદ વારશી, તુષાર કપૂર, શ્રેયસ તલપડે, કરિના કપૂર) આવશે. ધિલિન મહેતા

(અનુસંધાન પાનું ૨)

(પહેલા પાનાથી ચાલુ)

ગુજરાતમાં ભારે...

જો કે ખેડૂતો માટે માઠા સમાચાર એ છે કે રાજયમાં પ્રમાણમાં સારો કહી શકાય તેવા વાવણીલાયક વરસાદની શકયતા હમણા નથી. ગુજરાતમાં સરેરાશ વરસાદ સામે અત્યાર સુધીમાં ૨૦ ટકા જેટલો જ વરસાદ પડયો છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન સિઝનનો કુલ ૫૦ ટકા જેટલો વરસાદ પડી ગયો હતો. વળી રાજયમાં ૪૦ ટકા વિસ્તારમાં જ વાવેતર થયું છે. જે મોટા ભાગે સૌરાષ્ટ્ર-કચ્છમાં છે. જે ખેડૂતોએ જૂન માસના પ્રથમ સપ્તાહમાં પડેલા વરસાદ બાદ વાવણી કરી દીધી છે, તેઓ વરસાદની કાગ ડોળે રાહ જોઈ રહ્યા છે. મોંઘાભાવનુ બિયારણ વાવ્યા પછી વાવણી લાયક વરસાદ ન થતાં ખેડૂતોની હાલત કફોડી બની છે. આમ રાજયમાં ખરીફ પાક સિઝનની સ્થિતિ ગંભીરરૂપ ધારણ કરી રહી છે. ઉત્તર ગુજરાત , પંચમહાલ, દાહોદ,મધ્ય ગુજરાતના મોટા ભાગના વિસ્તારો વાવણી લાયક વરસાદથી વંચિત રહ્યા હોઈ આ વિસ્તારોમાં ખેડૂતો વાવણી કરી શકયા નથી. પરિણામે વરસાદની રાહ જોઈ રહેલા આ ખેડૂતોની હાલત પણ દયાજનક બની છે.

નોંધનીય છે કે, ગુજરાતના પડોશી મહારાષ્ટ્ર રાજયની સરકારે અગમચેતીના પગલારૂપે રાજયમાં દુષ્કાળ જાહેર કરી દીધો છે, અને જરૂરી રાહતો - છૂટછાટો પણ જાહેર કરી છે ત્યારે ગુજરાત સરકાર પણ વાવણીલાયક વરસાદ ખેંચાતા રાજયમાં સર્જાયેલી પરિસ્થિતિ મુજબ દુષ્કાળ જાહેર કરી જરૂરી રાહતો - છુટછાટોની જાહેરાત કરે તેવું ખેડૂત વર્ગ ઈચ્છી રહ્યો છે. સરકાર દ્વારા ખેતી ક્ષેત્રે જરૂરી પાણી મેળવવા થયેલા જળસંચયના કામો અત્યારે આશ્વાસન લેવા પુરતા મર્યાદિત બન્યા છે. સામાન્ય સંજોગોમાં રાજયના ખેડૂતો ખરીફ પાક માટે વરસાદ ઉપર જ આધારિત હોય છે. ત્યારે સત્વરે સરકારી તંત્ર તરફથી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તે ઈચ્છનીય છે. દરમિયાન કૃષિપ્રધાન દિલીપ સંઘાણીએ ગઈકાલે અધિકારીઓ સાથે બેઠક યોજીને સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. અને અધિકારીઓને કન્ટીજન્સી પ્લાન તૈયાર કરવા તાકીદ કરાઈ હોવાનુ જાણવા મળે છે.